હે જગત્રાતા વિશ્વવિધાતા, હે સુખશાંતિ નિકેતન હે! પ્રેમ કે સિંધો, દીન કે બંધો, દુઃખદરિદ્ર નિવારણ હે!

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૧ | ૧૨ ડીસેમ્બર, ૨૦૨૦, શનિવાર; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતો આક્રમક : રસ્તાની સાથે રેલ્વે પણ રોકીશું

## ૧૪ ડિસેમ્બરે રાષ્ટ્રવ્યાપી દેખાવો : ભારતીય ખેડૂત યુનિયન સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું, કહ્યું- નવા કૃષિ કાયદાથી ખેડૂતો નબળા બનશે : આજે દિલ્હી-જયપુર નેશનલ હાઈવે પણ બ્લોક કરવાની ધમકી : અમૃતસરથી ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિના ખેડૂત ૭૦૦ ટ્રેક્ટર-ટ્રોલીઓમાં દિલ્હીમાં રવાના થયા,

નવી દિલ્હી, તા. ૧૧

કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ હવે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. સરકારે સાથે અનેક ચરણની વાતચીત અને તાજેતરમાં મોકલેલા પ્રસ્તાવને ફગાવ્યા બાદ ખેડૂતોએ એકતરફ આંદોલનને વેગ આપવાનો નિર્ણય કર્યો છે તો બીજીતરફ ન્યાયિક રીતે પણ સરકારને પડકારવાનું મન મક્કમ બનાવ્યું છે. ખેડૂતો સંગઠન ભારતીય કિસાન યુનિયને જણાવ્યું છે કે નવા કાયદાથી કોર્પોરેટ કંપનીઓની લાલચ સામે તેઓ લાચાર બનીને રહી જશે.

કેન્દ્રની મોદી સરકારે ખેડૂતોને મોકલેલા પ્રસ્તાવમાં જણાવ્યું કે, કેન્દ્ર કાયદાની એ જોગવાઈમાં સંશોધન કરવાની તૈયાર છે જેને લઈને ખેડૂતોએ વાંધો વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત કેન્દ્રે મિનિમમ સપોર્ટ પ્રાઈસ પર લેખિતમાં પણ આપવાનું આશ્વાસન આપ્યું હતું. સરકારે કોન્ટ્રાક્ટ ફાર્મિંગના કરારમાં ફક્ત પાકનો સમાવેશ કરવાની સ્પષ્ટતા પણ કરી છે. ખેડૂતો ત્રણ કૃષિ કાયદા રદ કરવાની માંગ પર અડગ છે.

ખેડૂતોએ આંદોલનને ઉગ્ર બનાવવા આગામી સમયમાં રસ્તાઓ બાદ રેલવે ટ્રેક પર ચક્કાજામ કરવાની ચિમકી ઉચ્ચારી છે. આ અંગે તારીખો હવે જાહેર કરાશે. દિલ્હીમાં એક પખવાડિયાથી વિરોધ કરી રહેલા ખેડૂતોએ જણાવ્યું છે કે ૧૪ ડિસેમ્બરે દેશવ્યાપી વિરોધ પ્રદર્શ કરશે અને ૧૨ ડિસેમ્બરથી દિલ્હી-જયપુર નેશનલ હાઈવે પણ બ્લોક કરી દેશે.

દરમિયાનમાં ગયા વર્ષે ૨૦૧૯ના ઓક્ટોબર મહિનામાં હરિયાણાના રાજકીય વાતાવરણમાં ગરમાવો હતો. તેનું એકમાત્ર કારણ વિધાનસભા ચૂંટણી બાદ એકપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. એવામાં કિંગમેકર બનીને ઉભરેલ જનનાયક જનતા પાર્ટીએ ભાજપને સમર્થન આપીને રાજ્યમાં મનોહરલાલ ખટ્ટરને ફરીથી ખુરશી પર બેસાડી દીધા. હવે એક વર્ષથી વધુ સમય પસાર થયા બાદ ફરીથી રાજકારણમાં નાટકીય વળાંક આવતો દેખાઈ રહ્યો છે.

કિસાન આંદોલનને લઈ હરિયાણામાં રાજકીય ઉલટફેરની સ્થિતિ બનતી દેખાઈ રહી છે. ભાજપના સહયોગી દુષ્યંત ચૌટાલાની જનનાયક જનતા પાર્ટી (જેજેપી)માં પણ કૃષિ કાયદાને લઈ હરિયાણામાં સરકારથી અલગ થવાની માંગણી તેજ થવા લાગી છે. મીડિયા રિપોર્ટસના મતે ડેપ્યુટી સીએમ દુષ્યંત ચૌટાલાએ તાજેતરમાં જ આ મુદ્દા પર ધારાસભ્યોની સાથે બેઠક કરી. દુષ્યંત ચૌટાલાએ સરકારમાંથી રાજીનામું આપવાની વાત પણ કરી. દુષ્યંત ચૌટાલા પર દબાણ વધી રહ્યું છે. બેઠકમાં પાર્ટીના ધારાસભ્યોને ખેડૂત આંદોલનની તેમના ક્ષેત્રમાં અસર, રાજ્યોના લોકોનું વલણ વગેરે અંગે ફીડબેક લીધા. ખાસ વાત એ છે કે દુષ્યંતની પાર્ટીની પાસે માત્ર ૧૦ ધારાસભ્ય જ છે. પરંતુ છતાંય હરિયાણાની સત્તાને બનાવા-બગાડવાની સ્થિતિમાં છે. વાત એમ છે કે હરિયાણામાં ૨૦૧૯ વિધાનસભા ચૂંટણીમાં મતદાતાઓએ કોઈપણ પક્ષને બહુમતી આપી નથી.

● અનુસંધાન પાન-૭ પર







## છેલ્લે... છેલ્લે...

- કોરોનાથી ભારતની ૭૨ ટકા શહેરી વસ્તીની આર્થિક હાલત કથળી.
- મેઘાલયના મુખ્યમંત્રી પોનરાડ સંગમા કોરોનાથી સંક્રમિત.
- જાણીતા કોરીયોગ્રાફર, એક્ટર અને ડિરેક્ટર રેમો ડિસોઝાને હાર્ટએટેક આવતા હોસ્પિટલમાં દાખલ કરાયા.
- કેશુબાપાના મોટાભાઈ ધરમશીભાઈ પટેલનું ૯૬ વર્ષની વયે નિધન.
- જો બિડન અને કમલા હેરીસ ટાઈમ મેગેઝીનના પર્સન ઓફ ધ યર.

# પ. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

## ભાજપના અધ્યક્ષના કાફલા પર હુમલાના પ્રત્યાઘાત : રાજ્યપાલ જગદીપ ધનખડેએ પત્રકાર પરિષદ યોજીને મુખ્યમંત્રી બેનર્જીને આગની સાથે ન રમવા અપીલ કરી

કોલકાતા, તા. ૧૧

પશ્ચિમ બંગાળની રાજનીતિ પર સંકટના વાદળ ઘેરાતા દેખાઈ રહ્યા છે. ગુરૂવારના રોજ કોલકત્તાના ડાયમંડ હાર્બરમાં ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાના કાફલા પર થયેલા હુમલા બાદ શુક્રવારના રોજ રાજ્યપાલે એક પત્રકાર પરિષદ કરી. તેમાં ગવર્નર જગદીપ ધનખડેએ રાજ્યના સીએમ મમતા બેનર્જીને અપીલ કરતાં કહ્યું કે તમે જો સંવૈધાનિક રાહથી ભટકો છો તો મારી જવાબદારીની શરૂઆત થાય છે. ભલામણ કરું છું કે તમે સંવિધાનની વિરૂદ્ધ કામ કરશો નહીં. આ બધાની વચ્ચે કેન્દ્ર એ ૧૪ ડિસેમ્બરના રોજ રાજ્યના ડીજીપી અને મુખ્ય સચિવને બોલાવ્યા છે. રાજ્યપાલ ઘટના પર પોતાનો રિપોર્ટ પણ મોકલી ચૂકયા છે. એવામાં પ્રશ્ન ઉઠવા લાગ્યો છે કે શું રાજ્યપાલ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરવાના છે?



બંગાળના રાજ્યપાલે સીએમ સામે પ્રશ્ન કર્યો કે રાજ્યમાં કોણ બહારી છે, તેનો તેની સાથે શું મતલબ છે? શું ભારતીય નાગરિક પણ બહારી છે, મમતાએ આ પ્રકારનું નિવેદન આપવું જોઈએ નહીં. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી એ આગ સાથે રમવું જોઈએ નહીં. મુખ્યમંત્રીએ સંવિધાનનું પાલન કરવું જોઈએ.

મીડિયા સાથે વાત કરતાં રાજ્યપાલે કહ્યું કે ભાતરના

● અનુસંધાન પાન-૭ પર

# ઓક્સફોર્ડની કોરોના વેક્સિનને ભારતમાં મંજૂરી મળી શકે છે

## બ્રિટન ક્રિસમસ સુધી રસીને મંજૂરી આપી શકે છે, ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આ રસીનું પ્રોડક્શન થઈ રહ્યું છે

નવી દિલ્હી,તા.૧૧

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદન કરાઈ રહેલી કોરોનાની વેક્સિન કોવિશિલ્ડનો ભારત સરકાર ઈમરજન્સીમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી શકે છે. પ્રાપ્ત વિગતો અનુસાર, યુકેની ડ્રગ રેગ્યુલેટરી એમએચઆરએ આ રસીને જેવી મંજૂરી આપે કે ભારત સરકાર પણ તેને મંજૂરી આપી દેશે. યુકેમાં ક્રિસમસ પહેલા જ આ અંગે નિર્ણય લેવાઈ જાય તેવી શક્યતા છે. યુકેની મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી હાલ આ રસીની ટ્રાયલના ડેટા, તેના ડોઝના પ્રમાણ સહિતની વિગતોનો સમાવેશ થાય છે. આ રસી યુકેની ઓકસફોર્ડ યુનિવર્સિટી અને ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકા દ્વારા ડેવલપ કરવામાં આવી છે. ભારતમાં આ રસીનું પ્રોડક્શન સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરાઈ રહ્યું છે. સૂત્રોનું માનીએ તો યુકેમાં આ રસીને ક્રિસમસ પહેલા અપ્રુવલ મળી જશે. ઉલ્લેખનીય છે કે, યુકેમાં ફાઈઝર દ્વારા બનાવાયેલી વેક્સિનને થોડા દિવસ પહેલા જ ઈમરજન્સી યુઝની મંજૂરી અપાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કંઈ કામધંધો નથી, જ્યારે જુઓ ત્યારે આવી જાય છે ચડ્ડા, નડ્ડા, ફડ્ડા : મમતા

## પશ્ચિમ બંગાળના બે દિવસીય પ્રવાસ પર જશે અમિત શાહ

કોલકાતા,તા.૧૧

પશ્ચિમ બંગાળમાં ભાજપ અને ટીએમસી વચ્ચેનું રાજકીય યુદ્ધ દિવસેને દિવસે તીવ્ર થઈ રહ્યું છે. ગુરુવારે ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાના કાફલા ઉપર પથ્થરમારાની ઘટના સામે આવી છે. ત્યારબાદ બંને પક્ષે જુબાની જંગ પણ ખૂબ ચાલી. સીએમ મમતા બેનર્જીએ પથ્થરમારાની આ ઘટનાને ભાજપનું નાટક ગણાવતા કહ્યું કે તેમની પાસે બીજો કોઈ કામધંધો નથી, બધા અહીં જ દટાયેલા રહે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૯ અને ૨૦ ડિસેમ્બરના રોજ પશ્ચિમ બંગાળ જઈ રહ્યા છે.

મમતાએ કહ્યું, 'તેમની (બીજેપી) પાસે કોઈ બીજોકોઈ કામધંધો નથી. મોટાભાગે ગૃહમંત્રી પણ અહીં જ હોય છે, બાકીનો સમય તેમના

● અનુસંધાન પાન-૭ પર

# બીટીપીએ ટેકો ખેંચતા અશોક ગેહલોત સરકાર પર ફરી સંકટ

## રાજસ્થાનમાં પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય : ગહેલોત સરકારને બીટીપીના બે ધારાસભ્યોનું સમર્થન હતું, ટેકો પાછો ખેંચવાથી તરત સરકારને અસર નહીં પડે

જયપુર, તા. ૧૧

પંચાયત ચૂંટણીમાં હાર બાદ રાજસ્થાનમાં અશોક ગેહલોત સરકારની સામે સંકટ ઉભું થઈ ગયું છે. ભારતીય ટ્રાઈબલ પાર્ટી (બીટીપી) એ રાજસ્થાનની કોંગ્રેસ સરકારનો ટેકો પાછો ખેંચી લીધો છે. બીટીપીના બે ધારાસભ્યો ગહેલોત સરકારને સમર્થન આપી રહ્યા હતા.

આ વર્ષની શરૂઆતમાં જ્યારે ગેહલોત સરકારે વિધાનસભામાં બહુમતી સાબિત કરી હતી ત્યારે બંને ધારાસભ્યોએ અશોક ગેહલોતને ટેકો આપ્યો હતો.

તાજેતરમાં રાજ્યમાં યોજાયેલી પંચાયત સમિતિની ચૂંટણીમાં કોંગ્રેસે ઘણી બેઠકો ગુમાવી છે. બીટીપીના ધારાસભ્યોએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે ચૂંટણીમાં તેમનું

● અનુસંધાન પાન-૭ પર

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

## ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.

સેક્ટર-૨૧, ગાંધીનગર

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદ ભાઈઓ અને બહેનોને જણાવવાનું કેસ, વર્ષ ૨૦૧૯-૨૦ માટેની બેંકની એકવીસમી વાર્ષિક સાધારણ સભા, તા. ૨૭/૧૨/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે, ઉમા સમાજ ભવન, ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ફરજિયાત પાલન કરવાનું હોવાથી સભામાં વહેલા તે પહેલાના ધોરણે ૧૦૦ (એકસો) સભાસદોને પ્રવેશ આપવામાં આવશે. સભાસદો પ્રત્યક્ષ હાજરીની જગ્યાએ વર્ચ્યુઅલ હાજરી આપી શકશે. આ માટે બેંક દ્વારા સભાસદોને તેમના રજીસ્ટર મોબાઈલ પર SMS થી લિંક મોકલવામાં આવશે. જે લિંક ઓપન કરી બેંકની આ વાર્ષિક સાધારણ સભામાં વર્ચ્યુઅલ હાજરી આપવા વિનંતી છે.

કાર્યસૂચિ બેંકના નોટીસ બોર્ડ તથા વાર્ષિક અહેવાલમાં મુકેલ છે. વાર્ષિક અહેવાલ બેંકની દરેક શાખામાંથી મળશે, વધુમાં બેંકની વેબસાઈટ www.tgucb.com પર પણ મુકવામાં આવેલ છે.

તા. ૨૬/૧૧/૨૦૨૦ — પ્રહલાદભાઈ એસ. પટેલ
ગાંધીનગર — મેનેજીંગ ડિરેક્ટર

નોંધ : COVID-19 ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

કોઈ પણ મતદાર રહી ન જાય
અમે કરાવીએ છીએ તમને વારંવાર યાદ, જેથી પાછળથી ના રહે કોઈ ફરીયાદ
મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૧
તા. ૧-૧-૨૦૨૧ ના રોજ આપની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ થતી હોય તો આપનું નામ મતદાર તરીકે નોંધણી કરાવવાનું ચુકતા નહિ
ખાસ ઝુંબેશ દિવસ
૧૩ ડિસેમ્બર, ૨૦૨૦, રવિવાર
સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી
આપનાં વિસ્તારના મતદાન મથક પર જઈને ઉપસ્થિત બુથ લેવલ ઓફિસરને અરજી કરી શકો છો
અથવા
www.voterportal.eci.gov.in
પર ઓનલાઈન અરજી કરી શકો છો
યાદ રાખો, આપનું નામ મતદાર યાદીમાં નહિ હોય તો આપ મતદાન નહિ કરી શકો
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત | www.ceo.gujarat.gov.in